જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧/૨૦૧૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૮/૧૫</u>

## <u>એક પિસ્ટલ તથા ત્રણ કાર્ટીસ સાથે એક આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ</u>

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં જોઇન્ટ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં ગેર કાયદેસર હથિયારો રાખી ફાયરીગ કરી લુટ બનાવો બનેલ હોય, તે ગુન્હાઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી. રોજીયા નાઓનાં માર્ગદર્શન અને સુપરવિઝનમાં કામ કરતા તેઓનાં સ્કોડનાં પોલીસ સબ ઇસ્પેકટર શ્રી આર.આઇ. જાડેજા તથા સ્ટાફ્નાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે અમરાઇવાડી હાટકેશ્ર્વર સર્કલ પાસે રોડ ઉપરથી આરોપી સુરેન્દ્ર ઉર્ફે મીન્ટુ S/O રામબહાદુરસીગ જરીહકસીગ જાતે રાજપુત ઉ.વ. ૩૫ રહે, ઘર નં. ૧૬, રાવજી પટેલની ચાલી, સત્યનારાયણનગર, અમરાઇવાડી પોસ્ટ ઓફીસ પાસે, અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ ગામ:-ચંદાપુર પોસ્ટ-બહીર થાના-પરસીપુર તા.ભદોહી જી.વારણસી (યુ.પી.) નાની પાસેથી દેશી હાથ બનાવટની પીસ્ટલ નંગ-૧ કિ.રૂ.૨૦૦૦૦/- તથા કાર્ટીસ નંગ-૩ કિ. રૂ.૧૫૦/- ની મત્તાનાં મળી આવેલ. જે પોતાના કબજામાં ગેરકાદેસર હથિયાર પરવાના વગર અગ્નિ શસ્ત્રની સાથે મળી આવતાં તા.૩૦/૦૧/૨૦૧૫ નારોજ પકડી અટક કરેલ છે.

આ કામે પકડાયેલ આરોપીની પુછ પરછ કરતાં ગઇ તા.૦૬/૧૦/૨૦૧૪ ના રોજ પોતે વતનમાંથી અમદાવાદ ખાતે આવેલ. તેજ દિવસે પોતાનો મિત્ર અતુલ તારાશંકર દુબે નાએ અનુપમ સીનેમા પાસે મળવા સારૂ બોલાવતાં પોતે અનુપમ ખાતે ગયેલ ત્યારે ત્યાં અતુલ દુબે તથા તેનાં બીજા મિત્રો સાથે ત્યાં હાજર હતો. ત્યારે અતુલે જણાવેલ કે તારા મિત્રો બબલુ ગુપ્તા તથા રીન્કુ ચૌહાણ તથા ઘનશ્યામ પ્રજાપતિ નાઓ અમારી ચેનલનાં પૈસા આપતાં નથી. જેથી તુ પૈસા અપાવી દે તેવી વાતચીત ચાલતી હતી. તે દરમ્યાન અતુલ દુબે નો મિત્ર કાલુ નાએ પાછળથી એકદમ કાચની બોટલ માથામાં મારેલી. અને ત્યારથી અતુલ દુબે સાથે દુશ્મનવાટ ચાલતી હોવાથી બબલુ રહે, અમરાઇવાડી નાની પાસેથી પોતાની સલામતી માટે પિસ્ટલ તથા ત્રણ કાર્ટીસો લાવી રાખેલ હતાં. સદરી આરોપી વિરૂધ્ધ અમરાઇવાડી તથા એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં લુટ તથા ૩૦૭ તથા ૩૯૭ ના ગુન્હામાં પકડાયેલાનું જણાવેલ.

જે પકડાયેલ આરોપી પાસેથી મળી આવેલ હથિયાર સિવાય અન્ય હથિયાર કે કાર્ટીસ છે. કે કેમ ? મળી આવેલ હથિયારનો કોઇ જગ્યાઓએ ઉપયોગ કરેલ છે. કે કેમ ? તેમજ આ હથિયાર કયા ઉદ્દેશથી ખરીદવામાં આવેલ હતું. તે દિશામાં તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.